તદ્દન નવિન સુબોધદાયક કાવ્યોનો ભંડાર

ૐ

સંગીત સુબોધ સાગર.

ભાગ બીજો.

ઉદ્દેશ અમારો એજ છે સર્વ જન સુખી થાય,
દુર્ગુણથી દુનીયાં બચે સદ્‌ગુણ વૃદ્ધી થાય;
નિતી મ્હોટું નાવ છે ઝાલી ઉતર પાર,
પ્રથમ પગથીઉં મોક્ષનું સર્વ શાસ્રનો સાર.

રચનાર તથા છપાવનાર:—
શંકરલાલ પીતામ્બર વ્યાસ.
લોઅર પરેલ, મગનબાગ, મુંબઈ અને અમદાવાદ.

સંવત ૧૯૭૫] સર્વ હક્ક સ્વાધીન છે. [સને ૧૯૧૯.
આવૃત્તી પહેલી.] **[પ્રત ૧૦૦૦.**

મુલ્ય એક આનો.

છાપનાર—શા. મગનલાલ જગજીવનદાસ. (૨૦૧૭-૭૫)
શ્રી 'સરસ્વતી' છાપખાનું, ૩૫૬, નાગદેવી રસ્તો, મુંબઈ, નં. ૩.

મારવાડીની મીસ્ટરી.

(ગઝલ કવ્વાલી.)

કમાવાને અરે નાણુા, અમે પ્રથમ પરદેશમાં જઈએ,
પુંજીમાં પાસ અમારી, દોરી ને લોટો તો લઈએ.
પ્રથમ ધંધો ધરી હાથે, ચલાવીએ ખુબ ચતુરાઈ;
ઉંધે રસ્તે નાણુ ન નાંખીયે, અમે તો મારવાડી ભાઇ.
ટુટે ચમડી છતાં દમડી, અમારી એક ન ટુટે;
ખજાના તરતો કરીએ, ખરે કો દિવસ ન ખુટે.
પ્રથમ પૈસા મેળવવામાં, હીકમત લગાડીએ ભાઇ;
ગમે તે ફેરી તો કરીએ, અમે તો મારવાડી ભાઈ.
કરીને નાણાં કંઈ એકઠાં, પછીથી ધંધો તો કરીએ;
પહેલો માલ મુકાવી, પછીથી મની તો ધીરીએ.
અમારા ધંધાની અંદર, કદી ખોટ ન આવે ભાઇ;
પંદરનું લેઇ પાંચનું ધીરીએ, અમે તો મારવાડી ભાઈ.
દલાલી વ્યાજ સટ્ટાનો, ધંધો ધમધોકાર ચલાવીએ;
કરોડોની ઉથલ પાથલ, નિડર થઈને કરીએ.
અમે ચીંગુસના ચીંગુસ, સખાવત સામટી કરીએ;
પછીથી પરણીએ લાડી, અમે તો મારવાડી ભાઈ.
અમે તો દેશને મુકીએ, કદી ન વેશને મુકીએ;
જતાં પરદેશમાં અમે, પ્રભુનું નામ ન ચુકીએ.
ધંધો કરવામાં અમે, તન મન તોડીએ ભાઇ;
કમાવા કરકસર કરીએ, અમે તો મારવાડી ભાઇ.

પૈસાને ગણીને પ્રભુ, પુજા તેની અમો કરીએ;
જઇ પરદેશની અંદર, ધંધો ધમધોકારથી કરીએ.
વખતે ખોટ જો આવે, જરૂર ન જઈએ ગભરાઇ;
કરીયે કાંઈ ઉલ્ટાસુલટી, અમે તો મારવાડી ભાઇ.

વ્હાલી ફેશન જેમ બને તેમ જલદી આવ?

(ચાબખો.)

ફેશન વહેલી વહેલી આવ, નવા નવા તમાસા લાવ.
સાડી આવી સાટીન કેરી, પોલકું આવ્યું સારૂં;
સુધરેલી મને દુનિયા ગણાવી, ભલું થજો બઇ તારૂં–ફે૦
નવો જમાનો નજરે દેખી, નવી કરામત કરતી;
ચાટી ઘરનાં વાસણ માંજે, હું ફકકડ થઈ ફરતી–ફે૦
બુટ પેહરૂં મોજાં પહેરૂં, ચશમા આંખે ઘાલું;
ફેશનેબલ બાલ હોરીને, રૂમાલ હાથમાં ઝાલું–ફે૦
દળવાનું તો દુર થયું ને, પાણી ઘેર બેઠે આવે;
ભલું થજો અંગ્રેજ સરકાર તમારૂં, પ્રજા સંદેશો કહાવે–ફે૦
સ્ત્રોંગ ચા સવારમાં બનાવું, જેથી સુસ્તી ચાલી જાય;
સ્ત્રોંગ ચાએ ઘર ઘાલ્યું, ઘર ઘર સનેપાત દેખાય–ફે૦
સીનેમા નાટક જોવાને, મરજી પ્રથમ ચાલી;
ભારી ભપકા કરવા જતાં, ખીસા થયા ખાલી–ફે૦
શંકર કહે હે? સુધરેલ ભાઈ, ફેશન ફજેતી કરશે;
ઘરમાં જો મુળ પેઠું તેનું, જરૂર ખુવાર કરશે–ફે૦

એક યુવાનના અદેખા વિચારો.

(ચાબખો.)

જોયું જોયું મુંબઈ શહેર, જ્યાં જેન્ટલમેનને લીલા લહેર.
દેશમાં બહુ દુઃખી થતાં, સરવીસ સારૂ આવ્યો;
પચીસ રૂપિયા ખર્ચી સારૂ, પોકેટમાં હું લાવ્યો—જો.
પંદર વીસી ખર્ચમાં, ને પાંચ રૂમની એડવાન્સ દીધી;
કોટ કોલાબા બંદર ફરી, સરવીસની શોધ કીધી—જો.
પુરૂં હું ભણેલો ન હતો, સરવીસનો પત્તો ક્યાંથી ખાય;
મુંબઇ શહેરમાં મારા જેવા, કંઇક બિચારા ટીચાય—જો.
ખાવાને રોટલો આપે, સુવા ઓટલો ન આપે;
ઓળખીતો મળે રસ્તામાં, દેખી રસ્તો કાપે—જો.
પંદર દિવસની મોજમાં, પચીસ રૂપીઆ ગયા ચાલી;
લૉજવાળો કહે એડવાન્સ આપો, નીકર રૂમ કરો ઝટ ખાલી—જો.
પાસે દમડી રહી નહીં, ને કેમ કરી દેશમાં જાવું;
મુંબઇમાં રહેવા ધારીએ, શું હવે ભાઇ ખાવું—જો.
મજુરી કરી પેટ ભરી, નાઇટ સ્કુલમાં ભણશું;
કોક દિ પ્રભુ કૃપા કરશે, સાહેબ થઇને ફરશું—જો.
શંકર કહે પરદેશમાં જતાં, તીન ચીજ રાખો પાસ;
કલમ કડછી બડછી, કદી કરે ન નિરાશ—જો.

ઓરૂએ વાંઢા બુલેટીન.

(ચાબખો.)

આવો આવોને કોઈ યાર, મની લાવો કલદાર.
મની તમારી પાસે હોય તો, વાંઢા મ્હેણું જાય;
જન સમાજમાં માન મળે, ને ઘરબારી થવાય—આવો.

ચંદરસે જો પુરા હશે તો, પરણુવાનું મળશે;
વાંઢાને ખોળી મળે નહીં (મુંબઇમાં), તુરત તમને જડશે—આવો.
પથારીમાંથી પ્રથમ ઉઠતાં, ચહા પીવાની મળશે;
શરીરમાં ખુમારી આવી, ગાલે ગુલાબી ચડશે—આવો.
વાંઢાપણું ટળે તમારૂં, અખંડ આનંદ થાય;
સ્ત્રી વિનાનું ઘર જે ખાલી, સમશાન જેવું દેખાય—આવો.
લુલો લંગડો કે બુઢ્ઢો, ખુશીથી પરણી જાય;
મની મળે જો પેટ પુરતા, અમને આનંદ થાય—આવો.
જાત જાતના દુનિયા ધંધા, તેમાં આ એક બીઝનેસ કહેવાય;
દીકરીનાં દોઢીયાં લેનાર, ભવેભવ દુઃખી થાય—આવો.

અલ્લા ચોરે ઉંટ મીયાં ચોરે મુઠે.

(સવૈયા—ચાલ.)

ધનજીભાઇ કરી એક મીસતર, મુંબઈમાં નોકરી રહયા;
ગાંધીની દુકાને નોકરી હતી, તરંગ દિલમાં વિચિત્ર થયા.
છનાછન વકરો જ્યાં આવે, આઠ દશ આનામાં શું દેખાય;
આઠ દશ આના હમેશ ચોરી, ઘર હમેશાં જમવા જાય.
ધનજી હવે મનમાં સમજ્યા, થોડા વખતમાં નસીબ ખુલશે;
બે હજાર જો ભેગા થાય તો, પરણાવનાર કોઈપણ મળશે.
મીસતરની દાનત બગડી, મનગમતી મોજ કરે;
સાંજ પડતાંની અંદર, એકાદ બે રૂપિયાની ચોરી કરે.
બે વરસ નોકરી કરતાં, બે હજાર રૂપિયા પાસે થયા;
હવે દેશમાં જવું જોઇએ, મીસતરના મનમાં વિચાર થયા.

કન્યા વિક્રયનો કબાલો— દલાલનો દાવપેચ.

ત્રીશ પાંત્રીશની નોકરીમાં, પાસે પુંજી સારી થઈ;
પરણુવાનું થાય એમ છે, તેની શેઠને વાત કહી.
શેઠ પુછવા લાગ્યો ભાઈ, રૂપિયા કયાંથી એટલા તું લાવશે;
અત્યારે કન્યાના બે હજાર બેસે, કેમ કરીને તું પરણુશે.
થોડી ઘણી આપ મદદ કરો તો, મારા કાકા મને મદદ કરશે;
શેઠ કહે પાંત્રીશના પગારમાં, શું બચાવી મને ભરશે.
તથાપી શેઠે દયા કરીને, બસો રૂપિયા ચાંલ્લો આપ્યો;
દેશમાં જવા તૈયારી કરીને, આનંદ દીલમાં ખુબ વ્યાપ્યો.
હાથ ઉપર બબ્બે સોનાની વીંટીઓ, ગળામાં કંઠીઓ પહેરી;
કડાં કંદોરા દીધા અડાવી, ખીસામાં અછોડો નાંખ્યો સોનેરી.
દેશમાં લોકો વાત કરવા લાગા, ધનજીભાઈ મુંબાઇથી આવ્યા;
બે વરસમાં બે ત્રણ હજાર, રૂપિયા કમાવી લાવ્યા.
દલસુખરામ કરી એક દલાલ કહે,
કેમ ધનજીભાઈ પરણુવાનો વિચાર છે;
ચૌદ વરસની કન્યા છે સારી, અત્યારે આ એક દાવ સારો છે.
પછીથી ભાગ્યે કન્યા મળશે, ઘણુ જણુ જુઓ રખડે છે;
દાવ ચુકયા તો પસતાશો, શું આપણો વિચાર છે.
ધનજી કહે દલસુખભાઈ, આપ દલાલી શું લેશો;
કન્યાના બાપને શું આપી, મન તેનું પતાવી દેશો.
બારસો રૂપીઆ કન્યાના બાપને, પાંચસોની જણુસો આપવી પડે;
ત્રણુસો રૂપીઆ મારી દલાલીના, બે હજાર હોય તે જોડે આડે.

ચોરીનો માલ ચંડાલે જાય, પાપી હાથ ઘસતા થાય.

ધનજીભાઇ મનમાં સમજ્યા, દાવ આવો પછીથી નહીં મળશે;
નારી આવી રાંધી આપશે, વાંઢા મ્હેણું આપણું ટળશે.
પુત્રીના પિતાને નાણાં ચુકવ્યાં, દલાલનું મન પતવી દીધું;
જણુસો આપી પહેરવાની, તુરત નામનું લગ્ન લીધું.
બારસો પુત્રીના પિતાને આપ્યા, ત્રણુસો દલાલને દીધા;
પાંચસોની જણુસો આપી, બસોના જમણુવાર કીધાં.
બાવીસસો પુરા થયા ને, ખીસા થઈ ગયા ખાલી;
ધનજીભાઈ પરણ્યા ખરા, પણુ આફત ઈશ્વરે એક ઘાલી.
પરણીને આવ્યા બીજે દિવસે, કોલેરાની બીમારી થઇ;
જોત જોતામાં જુવાન બાઇ, સ્વર્ગવાસ તો થઈ ગઈ.
મનુષ્ય મુઠીએ ચોરી ચોરીને, ગમે તેટલું ભેગું કરે;
ખુદા ન્યાય ઈન્સાફની ખાતર, પળમાં તેનો નાશ કરે:
ભીસતરે શેઠને ત્યાં ચોરી કરીને, મહા મુસીબતે ભેરી કરી;
ચોરીનો માલ ચંડાળે જાય, આ કહેવત સાચી ઠરી.
ભીસતરને સંધીવા થયો, છ માસ સુધી રીબાયા;
નેકીથી ચાલવાનું નક્કી કરીને, પાછા મુંબાઇ આવ્યા.
અનિતી દગા પ્રપંચથી, પ્રથમ મનુષ્ય ચાણસો કરે;
યાદ રાખજો પણુ ખુદા, પળમાં તેનો પ્રલય કરે.
માટે મહેરબાનો મનમાં સમજી, નિતિ ઉપર ધ્યાન દેશો;
પરધન પથ્થરસમ સમજીને, ખુદાની યારી બંદગી કરશો.

મુંબઈનું ચમત્કારીક પાણી.

(ગઝલ.)

મ્હોટામાં મ્હોટું શહેર મુંબઈ, કમાવાને કંઇકિ આવે;
કરીને કંઈક તો ધંધા, પોતાનું બીઝનેસ ચલાવે.
મગજ તાબડતોબ ફરતું, પીધું જ્યાં મુંબઇનું પાણી;
ચહડાવે ઈંગલીશ ડ્રેસો, જુવો મુંબઈનું પાણી.
પછીથી કોટ પાટલુન વિના તો, ઘડી એકવાર ન ચાલે;
અડાવે ફેનસી બુટો, રૂમાલને હાથમાં ઝાલે.
પછીથી બોલવા માંડે, અરે ઈંગ્લીશ તો વાણી;
ચડાવે આંખે તો ચશમા, જુવો મુંબઈનું પાણી.
પછીથી ચાહના ચસકા, ભઇને ધીરે ધીરે તો લાગે;
પથારીમાંથી ઊઠતાં પહેલાં, ગરમા ગરમ ચાહને માગે.
પછીથી પટીયાં પાડી, બને પાકા સહેલાણી;
સીગારેટનો શોખ તો લાગે, જુવો મુંબઇનું પાણી.
પ્રીયાને લેઇને સાથે, પછીથી ફરવા જાવું;
પ્રીયાનાં હાડકાં ઢીલાં, માટે લૉજમાં ખાવું.
પડી ફેશનના ફંદે, કરે ધન ખુબ ધુળધાણી;
સીનેમા જોવાને સટકે, જુવો મુંબઈનું પાણી.
હાથે બાંધીને ઘડીઆળ, રૂપાળા વાળ તો ઓરે;
સુગંધી સેન્ટ અત્તરો, આનંદે માથામાં ચોરે.
બીસાતરની મોજો જોઈ તે, પ્રીયા તેમાં ભરમાણી;
બની અપટુ ડેઇટ લેડી, જુવો મુંબઈનું પાણી.

નવીન દરશન નાટકનાં, કંઈક વખતે દેખાતાં;
હાથમાં હાથ મીલાવી, જોવા આનંદથી જાતાં.
બનાવે બ્યુટીફુલ બૈરીને, વાતો કરે રસ્તામાં શાણી;
હેવનલી લાઇફ છે આપણી, જુવો મુંબઇનું પાણી.

આ પણ મુંબઈનું પાણી.

બન્યા કંઇક નર તો એવા, સખાવત લાખોની કીધી;
ગરીબોના દુઃખની દાઝ, દીલાવર દીલથી લીધી.
પરાયાં દુઃખ દુર કરવાને, પોતાની પુંજી વેચાણી;
બન્યા કંઇક વિર સદાચારી, કેવું મુંબઇનું પાણી.

કેમ રંગલા ઘર તોડી કરો બંગલા-(ફીકશન)

પેટલાદવાસી રંગીલદાસને, પૈસા કમાવા મન થયું;
પૈસા કમાવા દાવ છે સારો, એક શેઠીઆને તેણે કહ્યું.
આજ કાલ સટ્ટાની અંદર, કંઈક કરોડોપતી થઇ ગયા;
ખાવાનું જેની પાસે નહીં, તેના ખીસા તર થયા.
ભગાભાઈ કાલે ભીખ માગતા, આજે તે આનંદ કરે;
મોટર ગાડીમાં બેસીને, ચોપાટી પર લહેર કરે.
કરશનદાસ પાસે કાંઈ ન હતું, બબે દુકાન ઘરની ચાલે છે;
બબે બીલ્ડીંગ ઘરની બંધાવી, મોજ શોખ ઉડાવે છે.
નગીનદાસ નોકરી કરતા, તેમની નજર તે તરફ ગઇ;
બે મહીના ધંધો કરતાં, પુંજી બે હજારની ભેગી થઇ.

ફુલજી ભાઈ ફેરી કરતાં, સટ્ટાની રીત જાણીયા;
દલાલ રાખી સોદા કરતાં, તે પણ પૈસાદાર થયા.

ધનજીભાઈને કોઈ ન ધીરતું, તેની હુંડીઓ આજે ચાલે છે;
બબ્બે મોટર ગાડીઓ, ઘરની આજે રાખે છે.

માટે લહેર મુંબઈમાં છે, ને જીવ રાખી જો ધંધો કરે;
દાવ જો લાગી જાય તો, પળમાં રાજા થઈ તે ફરે.

રંગીલદાસ ને રણછોડદાસે, મુંબઈ તરફ સ્વારી કરી;
રંગ સુતરને કાપડની, બારીકથી તપાસ કરી.

પચીશ ગાંસડી આમ ખરીદી, પાછી આપવા લાગ્યા;
તેજીનો બજાર હતો તેથી, રૂપીઆ તેમાં કાંઈ ચાખ્યા.

મન થયું ખુબ મની કમાવા, જબરજસ્ત સોદા કરતા;
ગરદનને કોરાણે મુકી, નિડર થઇ વેપાર કરતા.

રંગ, સુતર એ ધંધાની, સર્વ ખરીદી હાથ કરી;
એટલામાં વૉર બંધ થઇને, મંદીની શીતળ હવા ફરી;
આજ વેચીશું કાલે વેચીશું, પણ દિન દિન બજાર મંદ થયો,
મંદી એટલે સુધી બેઠી કે, અરધો અરધ બજાર ઘટી ગયો.

થપડ એવી સખત વાગી, કરી ઘરની મુડી પાયમાલી;
શું પડું તોડી બંગલાં કરતાં, ઘાણ જબરજસ્ત ગયો નીકળી.

સટ્ટાનો ધંધો છોડી દઇને, બીઝનેસ તરફ નજર કરી;
પૈસા મળ્યા પ્રભુ કૃપાએ, માલીકે મહેરબાની કરી.

અનેક ધંધા શોધી કહાડી, ધનવાન થવા પ્રયત્ન કરો;
હુન્નર ઉદ્યોગ ખુબ વધારી, સ્વદેશને તાજો કરો.

મોજ શોખથી પ્રીતી થાય-મની વિનાનાં તે ઘર દેખાય.

મોજ શોખ દુનિયામાં મ્હોટી, મોજ શોખમાં મહેલ વેચાય;
મોજ શોખ જો પાકી લાગી, પગારનું પણ પાણી થાય.
મોજશોખ મ્હોટો શત્રુ, અંતે ભાઈ ખુવાર કરે;
કંઈક મુંબઈવાસી મોજશોખમાં, પૈસાની પાયમાલી કરે.
મોજ શોખ હોટલે લાગી, ગરમા ગરમ ચહા પીવાય;
શરીરનું સત્યાનાશ વાળે, પણ મોજ મઝા ન મુકાય.
ટી કોકો, કોફી પીઈને, મીસતર મનમાં મોજ કરે-કંઈક.
ચીરૂટ, સીગારેટ, બીડી ફુંકી, ઘેર ઘેર અગ્નિ હોત્ર કરે;
પ્રભાતમાં જલદી ઉઠતાં, પહેલું સ્મરણ તેનું કરે.
વેલ ડીયર ચહા બનાવ, પહેલો તો ઓરડર કરે-કંઈક.
ડીયરને પણ ચા વહાલી, ફીયર જરાપણ ન દેખાય;
ચહા પીવા જો ન મળે તો, હડકાયા કુતરાની હાલત થાય.
ડીયરને તો સાથે લઈને, નાટક જોવા ભાઈ વિચરે-કંઈક.
સીનેમાનો શોખ ઘણુને, સરવીસના પૈસા ડુલ થાય;
મની કમાયા મહા મુસીબતે, મહીને ખીસા ખાલી દેખાય.
પ્રભુનો ભય છોડી દઈને, પીલહાઉસપર પ્રેમ કરે-કંઈક.
દારૂનાં પીઠાં ગલીએ ગલીએ, કસરતશાળા ભાગ્યે દેખાય;
વેસ્યા રંડી ભાંડ ભવૈયા, માલ મલીદા આનંદે ખાય.
સતી ભુખે મરે બાપુ, વેસ્યા તાગડ ધીન્ના કરે-કંઈક.
મોજ ન લાગી બંદગી કરવા, એ જીવન ગરીબ કહેવાય;
જેને આ જન્મ આપ્યો, તેનું સ્મરણ કેમ વિસરાય.
ખુદાની બંદગી કરતાં, ખુદાખુદ મહેરબાની કરે-કંઈક.

મુંબઈની મોહીની-(શીક્ષન.)

માણેકલાલ કરી એક મીસતર, પ્રથમ મુંબઈ રહેવા આવ્યા;
રાંધવાનું દુઃખ ટાળવા, સાથે બૈરીને તેડી લાવ્યા.
કોટમાંથી નોકરી કરીને, ચોપાટી ઉપર ફરવા જતા;
કંઈક વખત પોતાની બૈરીને, આવવા વિનંતી કરતા.
ઘણો વખત બાઈને કહેવાથી, ચોપાટી ઉપર જવા દીલ થયું;
અપટુડેઇટ લેડી દેખીને, ચકકર તેનું ફરી ગયું.
આ માટે આવા મવાલી વેશે, સ્વામી મને ફેરવો છો;
આપ ઇંગ્લીશ ડ્રેસ પહેરીને, મોજ મઝા ઉડાવો છો.
એક બેવચન સાંભળતામાં, મીસતરનું મન પીગળી ગયું;
શું જોઇએ છે તારે શાણી, પ્રેમ પુર્વક તેને કહ્યું.
જાણે માઇ ડીયર સારી દેખાશે, મન તેમનું લલચાયું;
ફેનસી બુટ સાડી, ને પ્રથમ પોલકું એક અપાવ્યું.
ચશમા ચાંગલા અપાવી, ઘડીઆળ અપાવી દીધું;
માથામાં નાંખવા સેન્ટ અપાવી, મનરંજન કરી દીધું.
બની પછી અપટુડેટ લેડી, ચોપાટીપર ફરવા ગઈ;
બેનપણી મળી તેના જેવી, વાતચીત તેની સાથે થઇ.
ધણીને કહેવા લાગી, વાસણ માંજવાનું મારાથી ન થશે;
ઘાટી રાખો વાસણ માંજવા, પાણી પણ તેજ ભરશે.
રસોઇઓ રાખો રાંધવા માટે, દુઃખ બધું મારું ટળશે;
આ ભવ અમને સુખી કરશો, તમને સ્વર્ગનું વિમાન મળશે.

ચોપાટીએ ફેરવેલું ચક્કર.

મીસતરે ડીયરપર દયા લાવીને, ઘાટી એક રાખી લીધો;
રસોઇઓ રાંધવા રાખ્યો, બંદોબસ્ત પુરો કીધો.
બાદશાહી ઠાઠ મચાવી, લહેર કરવાને લાગ્યા;
ડીયરને સાથે લઇને, સીનેમા જોવા લાગ્યા.
એટલામાં અણધારી પીડા, મીસ્તરને તો ઉભી થઇ;
સો રૂપીયા સરવીસમાં મળતા, તે નોકરી ચાલી ગઈ.
બે ચાર મહીના ચાલ્યા જતાં, માથે પુષ્કળ દેવું થયું;
મહેનત કરવી પડશે બધી હાથે, ડીયરને મીસતરે કહયું.
ડીયરનું ચક્કર ફરેલું હતું, કામ હવે મારાથી નહીં થાશે;
વધુ જો બોલ્યા મીસતર, ફજેતો બહાર દેખાશે.
નબળો ધણી રાંડપર શુરો, બોજો બાંધવા તૈયાર થાય;
પોતે બાણુ થઇને ફરે, સ્ત્રી ઉપર સોટી ચલાવા જાય.
નોકરી ચાલી ગઇ માટે, બૈરીપર ધમકી કરવી;
આપણે મોજ શોખમાં, કોઇ વાતની કમી ન કરવી.
ચોપાટીએ ચક્કર ફેરવ્યું, સ્ત્રી સુધરી હદ કીધી;
મીસતરે મનમાં સમજી, દેશમાં મોકલાવી દીધી.
ડીયર પીયરમાં ચાલી ગઇ, ભાઈ સરવીસની શોધ કરે;
મનની વાત મનમાં સમજયા, દુઃખની વાત કોને કરે.
સુધારો પ્યારા એવો કરો, નિતિ હમેશાં સુધરતી જાય;
નિતિ વિનાનો સુધારો, ખરેખર મીથ્યા કહેવાય.

વિદ્યાર્થી અવસ્થામાં વરઘોડો.

પાંચમું ધોરણ પુરૂં કરીને, એ. બી. સી. ડી. ભણવા ગયો;
ફરસ્ટમાં ફક્કડ વાતો કરવાનો, શોખ મને બહુ થયો.
સેકન્ડમાં સીગારેટ પીઇને, આનંદ હું કરવા લાગ્યો;
બાળ ઓરવાની પ્રેકટીસ. ધીરે ધીરે શીખવા લાગ્યો.
થર્ડમાં થી વ્યસનનો શોખ, નિડર થઇને હું કરતો;
ચહા, ચીરૂટ, પાનની પટી, આનંદથી ખાઇને ફરતો.
ફોર્થમાં ફાધરે મહેરબાની કરી, બાળપણામાં પરણાવ્યો;
દોસ્તોએ મારી હીસ્ટરી જાણી, મશકરી ઠઠ્ઠો ચલાવ્યો.
ફીફથમાં હું ફક્કડ થઇને, સાઈકલ લેઈ ફરવા જતો;
પોકેટ ખર્ચ પીતા આપે, તે બધું નાટકમાં મુકતો.
સીક્સમાં ડીયર સાસરે આવી, ચમકારો દીલમાં થયો;
અભ્યાસ કરવો કે મુકી દેવો, તરંગ દીલમાં ઉભો થયો.
સારા માણસે સલાહ આપી, અભ્યાસ મુકી શું કરશે;
નોનમેટ્રીકને ભાગ્યે નોકરી મળે, આખી જીંદગી રવડી મરશે.
સેવન્થમાં સખત રટડી, ને સંસાર રૂઢી ચાલુ થઇ;
તબીયત તો ભુથડી ગઇ, મહા મુસીબતે સારી થઇ.
મેટ્રીક પસાર કીધી નહીં. ને બે છોકરાનો થયો હું બાપ;
બૈરી કહે શરમાતા નથી, નિશાળ છોડી આપો આપ.
વિદ્યાર્થીઓની જીંદગી, બાળ લગ્નમાં બળી ભસ્મ થાય;
બાળ લગ્ન બંધન કરે, અચંબો દુનિયામાં આ દેખાય.

અમારૂં મ્હોટામાં મ્હોટું દેવમંદિર હોટલ.

(લાવણી.)

પ્રભાતમાં ચાર વાગ્યા નથી ને, પ્રથમ માલીક ઓર્ડર કરે;
ઉઠ અલ્યા એ બુડથલ, હરામખોર કેમ ઉંધ્યા કરે.
ઉઘાડ આપણું દેવ મંદિર, દર્શન અર્થે લોકો ભેગા થશે;
પ્રથમ ચહાનું ચરણામૃત બનાવ, પછી દાંતણ પાણી થશે.
એટલામાં પાડોશી આવી, ચહાનો તો ટંકાર કરે;
એક ગરમાગરમ કપ આપ, સુસ્તીને ઝટ દુર કરે.
મહા મંદિરની મુલાકત લેવા, કંઇક લાલા ભેગા થાય;
ગરમ ભજીયા શીખંડ પુરી, આઈસક્રીમ તૈયાર દેખાય.
ગુજરાતી આવી બુમો પાડે, ચાર કપ ચાલ જલદી લાવ;
બુડથલ જેવો શું ઉંધ્યા કરે છે, સ્ટ્રોંગ ટી ધ્યાન આપી બનાવ.
ધાટી આવી માંગણી કરે, દોન કપ અમાલા દીયા;
ઉસીર હોતી આહે અતા, લવકર લવકર ગેવુન એયા.
પરદેશી ભૈયા પુકારે, દુધ મસાલાકા ઇધર લાવ;
હમકુ ગાડીપર જાના હૈ, જરા સ્ફુર્તી યાર ચલાવ.
મારવાડી કહે અઠે કઠે, કાં એવડી તું દેર કરે;
કચ્છી કહે અચીંતો કે ન અચીંતો, નજર પોતાની ફેરવ્યા કરે.
મરાઠા સાંગતે કાય બુડથલ, કુઠે અતા તું પહાતો;
કવાચે અમી ઓરડર દીલે, તુમચી આંખે કાય ન દીસ્તો.
ઘણી ખરી જ્ઞાતી ભેગી થઈ, સાથે સાથે બેસીને ખાય;
બહાર વટલાવાની વાતો કરે, હોટલમાં પોલમપોલ દેખાય.

પળમેં પ્રભુ-યા ખુદા ન્હાય સો કરે.

(ગઝલ-કવ્વાલી.)

પ્રભુના બાગની અંદર, અરે આપણે રહેવું;
કુદરતના કાયદા વિરૂધ, કદી પણ કર્મ ન કરવું.
મનાઈ છે માલીકની, કદી કો કુકર્મ કરશે;
પ્રભુ-ખુદા જો ધારશે પળમાં, ખરેખર ન્હાયસો કરશે.
કદી જો ખીસાની અંદર, વાપરવા પૈસો ન રહેશે;
રહી નેકીની અંદર, ખુદાની બંદગી કરજે.
અક્કલમાં કરામત (તે) મુકશે, તને માર્ગ નવો જડશે;
પ્રભુ-ખુદા જો ધારશે પળમાં, ખરેખર ન્હાયસો કરશે.
ગમે તેવું દુ:ખ હોય માથે, કદી ચિંતા તું ન કરજે;
વાળ વાંકો નહીં થાશે, શ્રધા મનમાં ધરજે.
માલીકની રચના ન્યારી, મદદ જરૂર તે કરશે;
પ્રભુ-ખુદા જો ધારશે પળમાં, ખરેખર ન્હાયસો કરશે.
બનાવે રંકને રાજા, કરામત કેવી છે બાપુ;
બનાવે રાયને તે રંક, કરામત ન્યારી છે બાપુ.
વાવેલાં બીજનો બદલો, અરે યારો એક દી દેશે;
પ્રભુ-ખુદા જો ધારશે પળમાં, ખરેખર ન્હાયસો કરશે.
અરે ઇન્સાનને સતાવી, દીલમાં રાજી ન થાતો;
કરેલાં કર્મના માટે, પછીથી થાશે પસ્તાવો.
જુલમગારને જરૂર સજા, ખરેખર પ્રભુ તો કરશે;
પ્રભુ-ખુદા જો ધારશે પળમાં, ખરેખર ન્હાયસો કરશે.

આશિષ—ભલા થાવ ને ભલું કરો.